# એલેમ્બિક લિમિટેડ

Alembic Touching Lives over 100 years
CIN: L26100GJ1907PLC000033
રજીસ્ટર્ડ ઓફિસ: એલેમ્બિક રોડ, વડોદરા - ૩૯૦ ૦૦૩
ફોન: (૦૨૬૫) ૨૨૮૦૫૫૦ ફેક્સ: (૦૨૬૫) ૨૨૮૨૫૦૬
Email: alembic.investors@alembic.co.in
Website: www.alembiclimited.com

## નોટીસ

## ૧૧૦મી વાર્ષિક સાધારણ સભાની નોટિસની અનુપૂર્તિ

આ બાબત શુક્રવાર, ૨૮ મી જુલાઈ, ૨૦૧૭ ના રોજ ૧૨.૩૦ કલાકે, 'સંસ્કૃતિ', અલેમ્બિક કોર્પોરેટ કોન્ફરન્સ સેન્ટર, પ્રગતિ સહકારી બેંક લિમિટેડ સામે, અલેમ્બિક કોલોની, વડોદરા-૩૯૦ ૦૦૩ ખાતે ભરવામાં આવનારી ૧૧૦ મી વાર્ષિક સાધારણ સભાની (એ.જી.એમ.) શેરધારકોને ૯ મી મે, ૨૦૧૭ ના રોજની મોકલવામાં આવેલી નોટિસના સંદર્ભમાં છે. એ.જી.એમ.ની આ નોટિસ કંપનીના શેરધારકોને કંપનીઓના અધિનિયમ, ૨૦૧૩ માં નિયત કરેલ ધારા સાથે વાંચતા (આ 'અધિનિયમ') તેની જોગવાઈઓ અનુસાર મોકલી આપવામાં આવી છે.

એ.જી.એમ. ની નોટીસ મોકલ્યા પછી કંપનીને આ અધિનિયમની કલમ ૧૬૦ ની જોગવાઈ હેઠળ તેના એક શેરધારક તરફથી લેખિત નોટિસ સાથે રૂપિયા ૧ લાખનો ચેક તા. ૧૨ મી જુલાઈ, ૨૦૧૭ ના રોજ મળેલ છે, જેમાં શ્રી મુરલી રાજગોપાલાચારી (ડીઆઈએન:૦૦૩૫૯૦૪૦), જેઓ પણ કંપનીના અન્ય શેરધારક છે માટે આ કંપનીના ડિરેક્ટરના હોદ્દાની ઉમેદવારીનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે. તદનુસાર કંપનીએ એ.જી.એમ.ની નોટિસની કાર્યસૂચિમાં ૮ માં ક્રમનો મુદ્દો શ્રી મુરલી રાજગોપાલાચારીને ડિરેક્ટરના હોદ્દા પર નિયુક્ત કરવા અંગેનો ઉમેરો કરવાનો સુધારો સૂચવ્યો છે.

એ.જી.એમ.ની નોટિસના ઉપર્યુક્ત અનુપૂર્તિના વધારાનો ૮ માં ક્રમનો મુદ્દો, ખુલાસાના પત્રક સાથે કંપનીની વેબસાઈટના ઈન્વેસ્ટર સેક્શન www.alembiclimited.com પર ઉપલબ્ધ છે અને તેને ડાઉનલોડ પણ કરી શકાય છે. એ.જી.એમ. નોટિસની આ અનુપૂર્તિ કંપનીના શેરધારકોને ૯ મી મે, ૨૦૧૭ ના રોજની મોકલવામાં આવેલી નોટિસનો અભિન્ન ભાગ માનવામાં આવશે.

ઉપરોક્ત એ.જી.એમ.નોટિસની અનુપૂર્તિને સીડીએસએલ, એનએસઈ અને બીએસઈની વેબસાઈટમાં અપડેટ કરવા માટે કંપની યોગ્ય પગલાં ભરશે. સભ્યો અને અન્ય હિતધારકોને વાર્ષિક સાધારણ સભાની નોટિસ ને આ અનુપૂર્તિ સાથે વાંચવાની વિનંતી કરવામાં આવે છે

આ નોટિસ કંપનીની વેબસાઈટના ઈન્વેસ્ટર સેક્શન www.alembiclimited.com પર અને સ્ટોક એક્સચેન્જના કોર્પોરેટ એનાઉન્સમેન્ટ સેક્શનની વેબસાઈટ www.nseindia.com અને www.bseindia.com પર પણ ઉપલબ્ધ છે.

**એલેમ્બિક લિમિટેડ વતી,**
સહી/-

સ્થળ: વડોદરા
તારીખ: ૧૮ જુલાઈ ૨૦૧૭

**દ્રિગેશ મિત્તલ**
કંપની સેક્રેટરી